# ગ્રીક દાર્શનિક
# ડાયોજીન્સ નું ફાનસ

ફ્રાન્સોઆ કેરિસેલ



ગ્રીસ માં એક ખૂબસૂરત શહેર હતું કોરીન્થ. ત્યાં ડાયોજીન્સ નામનો દાર્શનિક રહેતો હતો, જે વ્યવહારિક રીતે બહુ ઓછા સાધનો પર જીવતો હતો.

એના મત પ્રમાણે, જ્ઞાન નું રહસ્ય હતું - લોકો પોતાની આવશ્યકતાઓ ઓછી કરે. એની સંપત્તિ માં પહેરવા માટે એક જૂનો ડગલો અને રહેવા માટે અજબ દેખાતું પીપ હતા.

એ સાચું છે કે ક્યારેક એની પાસે એક લાકડા નો કટોરો પણ હતો, પણ એક દિવસ એણે એક છોકરાને હાથેથી નળ માં થી પાણી પીતા જોયો.

"એ બાળક મારા થી વધારે સમજદાર છે," એણે કહ્યું. "એણે મને બતાવ્યું કે બે હાથ જ પૂરતા છે."

પછી એ જ દિવસે ડાયોજીન્સે એનો કટોરો ક્યાંક દૂર ફેંકી દીધો.

ડાયોજીન્સ, સાંસારિક વસ્તુ ઓ થી મુક્ત થવા માંગતો હતો.



તો પછી, ડાયોજીન્સ જીવતો કેવી રીતે રહેતો હતો?

એ ઠંડુ પાણી પીતો હતો, અને મુસાફર એને જ્ઞાન ને બદલે જે કંઈ નાનું-મોટું ખાવાનું આપતા, એ ખાઈ લેતો હતો.


એ કરતો શું હતો?

બજાર માં, ડાયોજીન્સ પથ્થર ની મૂર્તિઓ સામે હાથ ફેલાવતો હતો અને એની પાસે સિક્કા ની ભીખ માંગતો હતો.

લોકો એને પૂછતાં, "ડાયોજીન્સ, તું એવું કેમ કરે છે?"

"જેથી તમારા જેવા બેવકૂફ, પથ્થર-દિલ લોકો દ્વારા નકારાઈ જવાની મને આદત પડે!" ડાયોજીન્સ એમના પર ભસતો હતો.

ન્યૂનતમ વસ્તુઓ પર ગુજારો કરવો, અને પોતાને સાચું લાગે એ સ્પષ્ટ રીતે કહેવું - ડાયોજીન્સે એની આખી જિંદગી આ જ કર્યું.



ડાયોજીન્સ હંમેશા અહીં-તહીં ફરતો રહેતો હતો. ઘણી વાર બાળકો એની સાથે જોડાતા હતા. એ રસ્તા માં જીવડાં ને બહુ ધ્યાન થી જોતા હતા. ડાયોજીન્સ પોતાની તુલના એક કૂતરા થી કરતો હતો.

"તમે કેવી જાત ના કૂતરા છો, ડાયોજીન્સ?" બાળકો એને પૂછતાં હતા.

"હું એક કૂતરા નો કૂતરો છું! કૂતરા તો ફક્ત એના દુશ્મનો પર જ ભસતા હોય, પણ હું તો મારા મિત્રો પર પણ ભસુ છું."

ત્યાં એક ચીડિયા સ્વભાવ નો ટાલિયો માણસ એના ખભા ઉલાળતો એમની નજીક થી નીકળ્યો.

ડાયોજીન્સે એની મજાક ઉડાવી. "હું તારા વાળ ને વધાઈ આપું છું. એણે તારા હાસ્યાસ્પદ માથા ને છોડી ને સારું જ કર્યું."

ડાયોજીન્સ એની આસ-પાસ ના બધા લોકો ને હસાવતો હતો. હસો અને વિચારો - એજ એનો સિદ્ધાંત હતો.



પ્રાચીન ગ્રીસ માં, બધા નાગરિકો ને એક સાથે નાટ્યગૃહ માં જવું એક સામાન્ય વાત હતી.

જયારે નાટક પૂરું થતું અને લોકો નાટ્યગૃહ ની બહાર નીકળતા હતા, ત્યારે ડાયોજીન્સ નાટ્યગૃહ માં પ્રવેશ કરતો હતો. વિરુદ્ધ દિશા માં ચાલતા એ ધક્કા મારી ને, ભીડ માં પોતાનો રસ્તો બનાવતો હતો!

"તું પાગલ છે, ડાયોજીન્સ! એવું કરવાનું બંધ કર! તું આખરે શું કરે છે!?" લોકો એની ઉપર ઉદ્દગાર કાઢતા.

"અહીં જે લોકો આવે છે એ નમ્ર ઘેટાં ની જેમ આવે છે, એ એક-બીજા ની પાછળ-પાછળ ચાલે છે. એ પોતે કંઈ વિચારતા નથી! એનાથી વિપરીત સ્વાભિમાની લોકો એ કરે છે જે એ ચાહે છે, એ બીજા ની નકલ નથી કરતા!"



શહેર માં, અન્ય દાર્શનિક એકત્રિત સમુદાય ને લગાતાર ભાષણ આપતા હતા :

"હું તમને કહું છું મિત્રો કે લોકો આવા હોય છે ..."

"હું તમને કહું છું મિત્રો કે લોકો તેવા હોય છે ..."

ડાયોજીન્સ ને એમના ભાષણો માં ફક્ત ગરમ હવા દેખાતી હતી. ડાયોજીન્સ માનતો હતો કે દરેક માણસ સક્ષમ હોય છે - જો એ વસ્તુઓ વિષે વિચારે-સમજે. ડાયોજીન્સ ના માનવા પ્રમાણે જીવન નો ઉદ્દેશ ધન-દોલત કમાઈ ને અમીર થવાનો નથી. લોકો એ પોતાના જીવન માં જ્ઞાન ની શોધ કરવી જોઇયે.



ડાયોજીન્સે બીજા દાર્શનિકો ને પાઠ ભણાવવાનો ફેંસલો કર્યો.

દિવસ ના તેજ ઉજાસ માં, શહેર ની સૌથી વ્યસ્ત ગલી માં, એ એના હાથ માં ફાનસ લઈને ભીડ માં થી નીકળ્યો.


ડાયોજીન્સ ને જોઈ ને બાકી દાર્શનિક ચકિત થઈ ગયા.

"તું શું કરી રહ્યો છે, ડાયોજીન્સ?"

"હું મનુષ્ય ની શોધ માં છું!"

"તું હંમેશા ની જેમ પાગલ છે, ડાયોજીન્સ. બધે માણસો જ માણસો છે!"

"આહ, તમે પોતે કહ્યું કે માણસો છે પણ કોઈ મનુષ્ય નથી. તમને સૂરજ સિવાય એક ફાનસ ની પણ જરૂરત પડી, એ જોવા માટે જે દરેક નાનું બાળક પહેલે થી જાણે છે."



મેસેડોનિયા નો રાજા મહાન સિકંદર, એના સમય નો સૌથી મોટો સેનાપતિ હતો, જેણે પોતાના બધા યુદ્ધ જીત્યા અને અગાધ જમીન પર વિજય પ્રાપ્ત કર્યો.

એણે એના પ્રિય કાળા ઘોડા, બુકીફલાસ પર સવાર થઈ ને એક પછી એક યુદ્ધ જીત્યા હતા.

પણ સિકંદર એક વિચારશીલ માણસ પણ હતો. એ હંમેશા શાણપણ ની શોધ માં હતો. એણે ડાયોજીન્સ ની પ્રશંસા કરી, કેમકે એને જીવતા રહેવા માટે કોઈ પણ વસ્તુ ની જરૂરત ન હતી.

જયારે એ કોરીન્થ શહેર પાસે પહોંચ્યો, ત્યારે સિકંદરે ડાયોજીન્સ ને મળવાનો ફેંસલો કર્યો. એ સમયે ડાયોજીન્સ તડકા માં સપના જોઈ રહ્યો હતો.



સુવર્ણ કવચ માં સજાયેલો સિકંદર, ડાયોજીન્સ પાસે પહોંચ્યો. સિકંદર નો બહુ લાંબો પડછાયો હતો. જયારે એ રોકાયો તો એનો પડછાયો ડાયોજીન્સ પર પડયો.

પણ સાધુ ડાયોજીન્સ એની જગ્યા એ થી ન હલ્યો. તમને લાગતું હશે કે કદાચ એણે સિકંદર ને જોયો જ નહીં હોય.

સિકંદરે એની સાથે વાત કરી.

"તું જે જોઈએ તે માંગ, ડાયોજીન્સ. હું તારી બધી ઈચ્છા પૂરી કરીશ."

ડાયોજીન્સે સિકંદર સામે જોયું. પછી એણે બહુ સરળતા થી કહ્યું :

"મહારાજ, કૃપા કરીને મારા સૂરજ ના તડકા ની સામે થી હટો."

ડાયોજીન્સ ન તો મહિમા ચાહતો હતો અને ન પૈસા.

ડાયોજીન્સ એકદમ ફક્કડ અને સ્વતંત્ર હતો.



# ડાયોજીન્સ નું ફ્રાનસ

ગ્રીસ નો દાર્શનિક ડાયોજીન્સ નિશ્ચિત રૂપ થી તમને હસાવશે - અને એ તમને વિચાર કરવા પણ મજબૂર કરશે. એ એનો જૂનો ડગલો અને અજબ દેખાતા પીપ સાથે બધે કેમ ફરે છે? બાળકો ને છોડી ને એ બાકી બધા પર હસે છે. દિવસ ના તડકા માં ફ્રાનસ નો પ્રયોગ કરીને એ બાકી દાર્શનિકો ને ખોટા સાબિત કરે છે. ડાયોજીન્સ, શક્તિશાળી મહાન રાજા સિકંદર ને પણ એક મહત્વપૂર્ણ બોધપાઠ આપે છે.